# વર્ષ 2024-25ના અંદાજપત્રની માંગણી પર ચર્ચા

## માનનીય મંત્રી શ્રી ઋષિકેશ પટેલનું પ્રવચન

## 13 ફેબ્રુઆરી 2024,મંગળવાર

## નર્મદા,

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ,

## સામાન્ય વહીવટ વિભાગ

**માનનીય અધ્યક્ષશ્રી,**

વિકાસ કાર્યોનું ગુજરાત મોડલ આજે સમગ્ર દેશ માટે ઉદાહરણ રૂપ બન્યું છે. દેશના વિકાસમાં સારથીની ભૂમિકા ભજવીને આપણું ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

ગુજરાતના આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ ક્ષેત્રની સેવા-સુવિધાઓનું સુદ્રઢ માળખું, સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા, માર્ગ પરિવહનનું સ્ટ્રોંગ નેટવર્ક, મજબૂત માળખાકીય સુવિધાઓ, સમગ્રતયા વ્યવસ્થાપન અને દુરંદેશી આયોજનના પરીણામે વિશ્વ ફલક પર આજે ગુજરાતની આગવી ઓળખ ઊભી થઈ છે.

**માનનીય અધ્યક્ષ શ્રી,**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત@૨૦૪૭નું આહ્વાન કર્યું છે.

વિકસિત ભારતની આ સંકલ્પનામાં ગુજરાત અગત્યનો ફાળો ભજવી દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકારનું ધ્યેય છે.

આપણા મૃદુ પણ મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું સ્વપ્નું છે કે, આપણું ગુજરાત 5-G ગુજરાત બને. તેઓની 5-G ની કલ્પના છે.

ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત !

ગરવી ગુજરાતનું વિકાસતંત્ર ગુણવંતુ હોય, ગ્રીન અર્થતંત્રની સાથે તે ગ્લોબલ હબ બને, સમય સાથે ગતિશીલ રહે તે અમારો ધ્યેય છે. **વર્ષ ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર એ વિકસિત ભારત @ ૨૦૪૭ના સંકલ્પને સિદ્ધ કરવા માટેનું રોડ મેપ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતની સમૃધ્ધિમાં નર્મદા યોજનાનું યોગદાન અમૂલ્ય છે. આ યોજના થકી સિંચાઈ જળવિધુત ઉત્પાદન, પીવા પાણી અને ઔધોગિક વપરાશ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી રાજયમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય સંબંધી સૂચકાંકોમાં હકારાત્મક પરિવર્તન આવેલ છે.

**વર્ષ ૨૦૨૪-૨૫ની સરદાર સરોવર યોજના માટે (માંગણી ક્રમાંક-૬૫) માટે રૂ.3399.99 કરોડની માંગણીઓ ગૃહ સમક્ષ રજુ કરતાં મને આનંદ થાય છે.**

નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી છે. ગુજરાતની હાલની પરિસ્થિતિ અને પાણીદાર ગુજરાતના આપણે સૌ સાક્ષી બન્યા છે તેમાં સિંહફાળો નર્મદા યોજનાનો છે.

નર્મદાનો અર્થ થાય છે આનંદ આપનારી...............

- **ખેડૂતના ખેતરમાં સિંચાઇ માટે પાણી પહોંચે ત્યારે મળતો આનંદ હોય,**
- **નલ થી જલ દ્વારા ગૃહીણીના ઘરે નળમાં નર્મદાનું જળ પહોંચે તેનો આનંદ,**
- **કે પછી......કચ્છ ના રણ વિસ્તારમાં નર્મદાના નીર પહોંચે તેનો આનંદ**

નર્મદા મૈયા ... મા રેવા બનીને સદૈવ ગુજરાતના જન જનના જીવનમાં આનંદ પ્રસરાવવાનું કાર્ય કર્યું છે.

**(સરદાર સરોવર ડેમ સપાટી વાળો મુદ્દો , મોદી સાહેબે દરવાજાની પરવાનગી આપી તેનું મહત્વ અહીં બોલવું)**

## નર્મદા યોજનાનું મહત્વ

નર્મદા યોજનાનું મહાત્મ્ય ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં વર્ણવીએ એટલું ઓછું છે. નર્મદા યોજનાના સંબંધી નર્મદા જળ વિવાદ પંચ Narmada Water Dispute Tribunal (નર્મદા વોટર ડિસ્પુટ ટ્રિબ્યુનલ) નો એવોર્ડ ડિસેમ્બર, ૧૯૭૯ માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો જે મુજબ નર્મદા નદીની વાર્ષિક ૨૮ મિલિયન એકર ફીટની સરેરાશ પાણીની આવક માંથી ગુજરાતને ફાળે ૯ મિલિયન એકર ફીટ પાણી આવે છે.

તેમાંથી ૦.૮૬ મિલિયન એકર ફીટ પાણી ઘરવપરાશ માટે. ૦.૨૦ મિલિયન એકર ફીટ પાણી ઔદ્યોગિક વપરાશ માટે બાકીનું પાણી સિંચાઈ માટે વાપરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**આ વર્ષે ગુજરાતની જનતા માટે સારા સમાચાર એ છે કે, નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા ચાલુ Water Year માં રાજ્યને માળવા પાત્ર ૯ મીલીયન એકર ફીટની જગ્યાએ ૧૦.૪૧ મીલીયન એકર ફીટ એટલે કે ૧.૪૧ મીલીયન એકર ફીટ વધારાનું પાણી આપવાની જોગવાઇ કરી છે.**

**આનાથી ગુજરાતના ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે.**

**ગુજરાતની પ્રજાની પીવાની પાણીની જરૂરીયાતમાંથી ૮૦ ટકા જેટલી જરૂરીયાત નર્મદાના પાણીથી પૂરી પાડવામાં આવે છે.**

તેમાં ૭ મહાનગરો, ૧૯૯ નગરો તથા ૧૧,૯૫૧ ગામોનો સમાવેશ થાય છે.

પિયત વિસ્તારની દ્રષ્ટિએ એક તરફ ગુજરાતના ૨૦૫ બંધો અને બીજી તરફ માત્ર સરદાર સરોવર યોજના - બંનેનો પિયત વિસ્તાર લગભગ સરખો છે જે કુલ મળીને ૩૬ લાખ હેક્ટર થાય છે. આમ ૨૦૦ કરતાં વધારે બંધો જેટલું યોગદાન માત્ર સરદાર સરોવર યોજના આપી રહી છે.

## નર્મદા યોજનાની વિશેષતા

અન્ય બંધોની સરખામણીમાં સરદાર સરોવર બંધના પિયત વિસ્તારની વિશેષતા એ છે કે, તેમાં મોટા ભાગનો વિસ્તાર એવો છે જેની જમીનની ગુણવત્તા નિયમિત સિંચાઈ માટે યોગ્ય નથી.

**કોઈક વિસ્તારમાં ક્ષારની સમસ્યા છે તો કોઈક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની, તો કોઈક વિસ્તાર રેતાળ છે. આથી "પ્રોટેકટીવ ઈરીગેશન" માટે આ યોજના બનાવવામાં આવી છે.**

**પાકને બચાવવા માટે જેટલું ઓછામાં ઓછું પાણી જરૂરી હોય તેટલું જ પાણી આપવું તેને પ્રોટેકટીવ ઈરીગેશન કહેવામાં આવે છે.**

નર્મદા યોજનાના પિયત વિસ્તારને અત્યંત વૈજ્ઞાનિક પધ્ધિતથી એગ્રો ક્લાઈમેટીક કન્ડીશન અને જમીનની ગુણવતા મુજબ ૬ ઈરીગેબીલીટી કેટેગરીમાં વિભાજીત કરવામાં આવ્યો છે અને તે મુજબ જે તે વિસ્તારમાં પાણીનો જથ્થો ફાળવવાનું આયોજન અગાઉથી નક્કી કરી તેની નહેરોની ડિઝાઈન બનાવવામાં આવેલ છે અને તે મુજબ પાણી આપવામાં આવે છે.

**જે જમીન અગાઉ માત્ર એક જ પાક આપી શકતી હતી અને તે પણ વરસાદી ખેતી આધારીત તે જ જમીન આજે બે નિશ્ચિત પાક આપતી થઈ છે.**

**મને ગૃહને જણાવતાં આનંદ થાય છે** કે, અલગ અલગ સમયે આ પિયત વિસ્તારના વિકાસ પછી કૃષિ અને સમાજજીવન પર આ યોજનાના કારણે કેવા પ્રકારનો પ્રભાવ પડયો તેના અભ્યાસો દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, ઇરમા વગેરે જેવી ખ્યાતનામ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ પાસે કરાવવામાં આવ્યા છે.

**આ અભ્યાસ મુજબ કૃષિ ઉત્પાદનમાં હેકટર દીઠ લગભગ અઢી ગણી વૃધ્ધિ થવી, પશુપાલનમાં પરિવારદીઠ આવક્માં નોંધપાત્ર વધારો થવો, સામાજીક અને શૈક્ષણિકસ્તર ઉચું આવવું અને ખેતીની આવકમાં અનેકગણો વધારો થવો તે મુજબ લાભો નોંધાવા પામ્યા છે.**

નર્મદા યોજના પૂર્ણ કરવાનું આયોજન

- **નર્મદા યોજનાની કામગીરી પૂર્ણતાના આરે છે. નર્મદા મુખ્ય નહેર શરૂઆતમાં ૧૧૩૩ ઘનમીટર પ્રતિ સેકન્ડની વહનક્ષમતા ધરાવનારી ૪૫૮ કિ.મી લાંબી છે જે એક મોટી નદી જેટલી છે તેનું કામ લગભગ ૧૦ વર્ષમાં પૂર્ણ કરવામાં આવેલ છે.**

- લગભગ ૬૯,000 કિ.મી. લાંબુ નહેરોનું માળખું જે ૧૭.૯૨ લાખ વિસ્તારને સિંચાઈનો લાભ આપશે.
- લગભગ રૂ.૮૫,000 કરોડના ખર્ચે આ યોજના વર્ષ ૨૦૨૫ માં પૂર્ણ થવા જઈ રહી છે. કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૫૭.૧૮ કિ.મી. છે. જે ઓગષ્ટ-૨૦૨૨માં પૂર્ણ થયેલ છે.

- નર્મદા ડેમથી આશરે, ૭૪૨ કિ.મી દુર માંડવી તાલુકાના મોડકુબા ગામ પાસે નર્મદાના પાણી પહોંચાડયા છે
- માન. વડાપ્રધાનશ્રીએ તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ કચ્છ શાખા નહેરનું લોકાર્પણ કરેલ છે.

➢ <u>કચ્છ શાખા નહેરનું વિતરણ માળખું. ક્યાંક મીસીંગ લીંક તો ક્યાંક સબ માઈનોર પાઈપલાઈન - જે કંઈ પણ કામગીરી બાકી છે, તે વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરવામાં આવશે.</u> બનાસકાંઠા જીલ્લામાં ચાલુ વર્ષે સુઈગામ ડીસ્ટ્રીબ્યુટરીનું આશરે ૫૩% બાંધકામ પૂર્ણ થયેલ છે. જેનાથી વેજપુર અને માડકા શાખા નહેરના પિયત વિસ્તારો વચ્ચે રહી ગયેલ પિયત વિસ્તારને સિંચાઇ સુવિધા પુરી પાડવા રૂા. ૭૦.૨૭ કરોડના ખર્ચે નવી સુઈગામ ડીસ્ટ્રીબ્યુટરીના કામનું ખાતમૂહૂર્ત માન.પ્રધાનમંત્રીશ્રી ધ્વારા તારીખ-૩૧/૧૦/૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું હતું. આ નહેરથી ૨૨ ગામોને (૧૩,૮૮૪ હેક્ટર) સિંચાઇનો લાભ મળશે.

**<u>(કચ્છના રણમાં ક્રોસિંગની વિગતો, અને કચ્છમાં પાણી પહોંચાડવાના મુદ્દા વિશેની NOTE માંથી બોલવું)</u>**

**સારાંશમાં, નર્મદા યોજના થકી ગુજરાતને સમૃધ્ધિની દિશામાં અગ્રેસર કરવામાં છેલ્લા ૨૭ વર્ષથી ભા.જ.પ.ની સરકારે અથાગ મહેનત કરી છે અને આ યોજનાના તમામ ફળ ગુજરાતની પ્રજાને સમર્પિત છે.**

## બજેટ ૨૦૨૩-૨૪ ની સરદાર સરોવર યોજનાની સિધ્ધીઓ

- ચાલુ વર્ષે રીવર બેડ પાવર હાઉસ RBPH- (આર.બી.પી.એચ.) અને કેનાલ હેડ પાવર હાઉસ CHPH-(સી.એચ.પી.એચ.) થકી કુલ ૩૦૮.૮૦ કરોડ વીજ યુનિટ. અંદાજે રૂા.૧૨૩૫.૨૦ કરોડનું વીજ ઉત્પાદન કરવામાં આવ્યું.
- ચાલુ વર્ષે સરદાર સરોવર નર્મદા નિગમ લી.ના નહેર માળખાની મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેરો ઉપર કુલ ૧૮ પૈકી ૧૬ સ્થળોએ નાના વીજ મથકોનું કુલ વીજ ઉત્પાદન ૭.૫૪ કરોડ યુનિટ થતાં કુલ ૪૨.૦૨ કરોડ વીજયુનિટ ઉત્પાદન થયેલ છે.
- ચાલુ વર્ષે કેનાલ ટોપ અને કેનાલ બેંકના કુલ - ૩૫ મેગા વોટના સોલાર પાવર પ્લાન્ટ થકી ૩.૨૬ કરોડ યુનિટ થતાં કુલ ૩૫.૯૩ કરોડ વીજ યુનિટ સોલાર વીજ ઉત્પાદન થયું.
- ચાલુ વર્ષે સબમાઇનોર સુધી ૮,૪૩૧ હેક્ટર પિયત વિસ્તાર વિકસાવીને કુલ ૧૫.૫૩ લાખ હેક્ટર પિયત વિસ્તાર વિકસાવવામાં આવ્યો.

## વર્ષ ૨૦૨૪-૨૫ બજેટની મુખ્ય બાબતો

- જાન્યુઆરી-૨૦૨૪ સુધી પ્રશાખા નહેરો (માઈનોર નહેરો) સુધીના કામો પૂર્ણ કરી કુલ ૧૭.૨૧ લાખ હેક્ટર સિંચાઇ ક્ષમતા અને પ્ર-પ્રશાખા નહેર (સબ-માઈનોર નહેર) સુધી ૧૫.૫૩ લાખ હેક્ટર વિસ્તાર વિકસિત થયેલ છે.
- **માર્ચ-૨૦૨૪ પછી બાકી રહેતા નહેરોના નેટવર્કના કામો વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ચાલુ રાખવાનું આયોજન છે.**
- આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સૂચિત જોગવાઇ રૂા.૪,૭૯૮ કરોડ, જેમાં મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે.
- કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પિંગ સ્ટેશનના વિસ્તરણ, જાળવણી અને સંચાલન માટે રૂા.૭૬૫ કરોડની જોગવાઈ.
- નર્મદા યોજનાના કમાન્ડ એરિયામાં નહેરના વિસ્તરણ-વિકાસના કામો માટે રૂા.૫૯૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ જિલ્લાનાં નળકાંઠાના વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ કરવા રૂા.૩૦૦ કરોડની જોગવાઈ.
- નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રકચર તેમજ જાળવણીની કામગીરી માટે રૂા.૧૮૬ કરોડની જોગવાઈ.
- ગરુડેશ્વર વિયર તથા વિવિધ શાખા નહેરો પરના વીજ મથકો તેમજ એકતાનગર ખાતેના જળ વિદ્યુત મથકોના જાળવણી અને મરામત માટે રૂા.૧૩૬ કરોડની જોગવાઈ.

## નર્મદા યોજનાનો સંપૂર્ણ લાભ મહત્તમ લોકો સુધી પહોંચાડવા માટેનો રોડમેપ

નર્મદા યોજના વિશ્વની સૌથી વિશાળ યોજનાઓ પૈકીની એક છે. આ યોજનાના સુનિયોજીત આયોજન સાથેના સંચાલન માટે ગુજરાત સરકાર પ્રતિબધ્ધ છે.

**પ્રધાનમંત્રીશ્રીએ Per drop More crop (પર ડ્રોપ મોર ક્રોપ) નો મંત્ર વર્ષ ૨૦૧૫માં આપ્યો** તેમાંથી પ્રેરણા લઈ નહેરોની વહનક્ષમતા સુધારી Water losses (વોટર લોસીસ) ઓછા કરી વધુમાં વધુ વિસ્તાર સુધી નહેરોનું પાણી પહોંચે તેનો એક પાયલટ પ્રોજેકટનો પ્રથમ તબક્કો બનાસકાંઠામાં ગત વર્ષે પૂર્ણ થયો.

**ચાલુ વર્ષે તેનાથી બનાસકાંઠામાં ૨૧% જેટલો વધુ વિસ્તાર સિંચાઈ મેળવી શક્યો છે જેના સાક્ષી થરાદ, વાવ અને સૂઈ ગામના ખેડૂતો છે.**

**આ બજેટમાં ચાલુ વર્ષે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જીલ્લાના લગભગ ૫ લાખ હેકટર જેટલા વિશાળ વિસ્તારમાં પથરાયેલી નહેરોનું માળખું સુવ્યવસ્થિત કરી તેની વહનક્ષમતામાં સુધારો કરવાનો સંકલ્પ ગુજરાત સરકારે કર્યા છે.**

પાણીના ટીપે ટીપાનો જવાબદારી સાથે ઉપયોગ થાય તે માટે નહેરોના માળખાને અત્યાધુનિક ફ્લોમીટરથી સજ્જ કરવાની કામગીરી પણ ચાલુ વર્ષે પ્રારંભ થનાર છે.

આ માટે ભારત સરકારની CWPRSનો સહયોગ લેવાઈ રહ્યો છે. પાણીના વપરાશ સંબંધી ઝીણામાં ઝીણી વિગતો એકત્ર કરી તેના થકી નહેરોના માળખાનું સક્ષમ સંચાલન કરવું એટલે કે “Water Accounting and Auditing" ( વોટર એકાઉન્ટીંગ એન્ડ ઓડિટીંગ) એ એક અત્યંત અગત્યની કામગીરી છે જેના વગર પાણીનો કરકસર્યુક્ત ઉપયોગ શક્ય નથી તે માટે પણ ગુજરાત સરકાર આગળ વધી રહી છે.

નહેરો સાથેના પિયત વિસ્તારમાં સુક્ષ્મ સિંચાઈનો વ્યાપ વધારવા માટે સરકાર કેટલાંક નીતિવિષયક નિર્ણયો લેવા જઈ રહી છે. આ માટે જરૂરી પાયલોટ પ્રોજેકટ્સ આ વર્ષથી જ પ્રારંભ કરવામાં આવનાર છે.

નૈસર્ગિક કૃષિ અને આધુનિક જળ વિતરણ વ્યવસ્થાનો સમન્વય એટલે પ્રાચીન મૂલ્યો અને અર્વાચીન તાંત્રિકીનો સુભગ સુમેળ. ભારતના જનઆરોગ્ય માટે પ્રાકૃતિક કૃષિ અને પાણીના ટીપે ટીપાના સદ્દુપયોગ માટે સુક્ષ્મ સિંચાઈ પધ્ધિતનો સમન્વય ગુજરાત સરકારની આગામી દિશા બની રહેનાર છે.

# વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં
# શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની
# માંગણી ક્રમાંક ૧૦૧ અને ૧૦૨ પરની ચર્ચા

## અનુક્રમણિકા


1. 7 નવીન મહાનગરપાલિકા
2. આવાસ
3. સ્વર્ણિમ જયંતિ
4. સ્વચ્છતા – ઘન કચરો, પ્રવાહી કચરો
5. મેટ્રો
6. ગિફ્ટ સીટી
7. રિવરફ્રન્ટ
8. કેટલ પોન્ડસ
9. એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ

**માનનીય અધ્યક્ષશ્રી,**

**આ વર્ષના અંદાજપત્રમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માંગણી ક્રમાંક ૧૦૧ અને ૧૦૨ હેઠળની રૂ.૧૮,૬૬૪ કરોડની માંગણીઓ પર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માંગુ છું.**

**ગુજરાત રાજ્યમાં રાજયમાં શહેરીકરણની ગતિ વધી રહેલ છે. રાજયની અંદાજે ૫૦ ટકા વસતિ અત્યારે શહેરોમાં વસવાટ કરે છે. જે વર્ષ ૨૦૪૭ સુધી વધીને ૭૫% સુધી પહોંચે તેવી ધારણા છે.**

વિકસિત ભારત @૨૦૪૭ માટે ગુજરાતની દિશા નક્કી કરી, રાજયના ૭ કરોડ ગુજરાતીઓના સ્વપ્નો અને આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા, અમારી સરકારે વિકસિત ગુજરાત @૨૦૪૭ નો વિઝન ડોક્યુમેન્ટ બહાર પાડેલ છે.

અત્યાર સુધી થયેલ વિકાસને પાયામાં રાખીને, આ દસ્તાવેજમાં અમૃતકાળના આગામી ૨૫ વર્ષ માટે રાજયના ભાવિના લક્ષ્યાંકો નક્કી કરી બીજા રાજ્યોને વિકાસની નવી રાહ ચીંધનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.

**પ્રવર્તમાન શહેરીકરણની સ્થિતિને પારખીને જ અમારી સરકારે રાજ્યમાં નવીન 7 મહાનગર પાલિકા બનાવવાની જાહેરાત આ વર્ષે કરી છે.**

**નવસારી,ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર/ વઢવાણ ના મહાનગરપાલિકા બનવાથી આ શહેરોના વિકાસને ગતિ મળશે અને નાગરિકોની સુખાકારીમાં વધારો થશે.**

**(મહાનગરપાલિકા બનાવવાના ફાયદા વિશેની NOTE માંથી બોલી શકાય)**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે વર્ષ 2003-04 માટે રૂ. 614.81 કરોડની જોગવાઇ હતી.**

**જે આજે વર્ષ 2024-25 માં રૂ. 21,696.28 કરોડ એ પહોંચી છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

શહેરોના આયોજનબદ્ધ વિકાસ દ્વારા ઇઝ ઓફ લિવિંગમાં વધારો કરવા સરકાર દ્રઢ નિશ્ચયી છે. વિકસિત ગુજરાત @૨૦૪૭ ની આ સંકલ્પનાના બે મુખ્ય પાયા છે.

વિશ્વકક્ષાની ઉચ્ચ સગવડોયુકત જીવનસ્તર ઉપલબ્ધ કરાવી રાજયના દરેક નાગરિકને સમૃદ્ધ જીવન(Living Well) આપવું, તે પ્રથમ પાયો છે.

આર્થિક વિકાસના યોગ્ય સંસાધનો ઉપલબ્ધ કરાવી દરેક કુટુંબની સમૃદ્ધ આવક(Earning Well)સુનિશ્ચિત કરવી, તે દ્વિતીય પાયો છે.

વિશ્વસ્તરીય આંતરમાળખાકીય સગવડો સાથે ટકાઉ અને રહેવાલાયક વસવાટો(Sustainable & livable habitation) પૂરા પાડી, સુશાસનના માધ્યમથી આ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાની અમારી સરકારની નેમ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પોતાની સફરના ૨૦ વર્ષ પૂર્ણ કરી આજે એક વિશ્વસ્તરીય પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે.

વિનાશમાંથી વિકાસ, નિરાશામાંથી આશા અને આપદાને અવસરમાં ફેરવવાની નરેન્દ્રભાઇની કુનેહના કારણે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ આજે રાજયની એક વિશિષ્ટ ઓળખ બન્યું છે.

અમૃતકાળની પ્રથમ એવી ૧૦મી વાઇબ્રન્ટ સમિટમાં ૧૪૦થી વધુ દેશોના પ્રતિનિધિ મંડળો અને સંખ્યાબંધ ઉદ્યોગપતિઓએ ભાગ લઇ ગુજરાતની આ વિકાસયાત્રામાં જોડાવવાનો સંકલ્પ વ્યકત કર્યો છે, જે આપણા સૌ માટે આનંદની વાત છે.

**માનનીય અધ્યક્ષશ્રી**,

શહેરી વિકાસ માટે પાણી, રસ્તાઓ, સુએઝ જેવી માળખાકીય સગવડો સાથે પર્યાવરણની જાળવણી પણ જરૂરી છે.

અમારી સરકાર શહેરોમાં પ્રદૂષણ નિયંત્રણ અને પ્રાકૃતિક આપદાઓના પડકારો ઝીલી સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશામાં આગળ વધશે.

શહેરો સાંસ્કૃતિક ધરોહર અને લોકોના આમોદપ્રમોદ માટે પણ અગત્યના સ્થાનો હોઇ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખી નવતર કામો હાથ ધરવામાં આવશે.

સુશાસન થકી શહેરી વ્યવસ્થાપનમાં ટેકનોલોજીથી પરિવર્તન લાવી ભવિષ્ય માટે સક્ષમ શહેરોની રચના માટે અમારી સરકાર પગલા લેશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૧૬ માં એકત્રિત કરેલ આવસની અંદાજીત માંગ મુજબ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે આજ દિન સુધી ૯.૬૧ લાખ જેટલા આવાસો મંજૂર કરી લેવામાં આવેલ છે.**

**આ મંજૂર થયેલ આવાસો પૈકી ૮.૨૮ લાખ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકી રહેલ આવાસોની કામગીરી વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.**

**આ યોજના અંતર્ગત પ્રગતિ હેઠળના કામો પૂર્ણ કરવા યોજનાની અવધિ તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.**

**આ વર્ષના બજેટમાં વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત રાજ્યમાં વધુ લોકોને આવાસ પૂરા પાડવાના આશયથી રૂ.૧૩૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.**

## (આવાસ યોજનાના ચાર ઘટકોની NOTE માંથી બોલવું)

## <u>સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના:</u>

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણા હાલની સ્થિતિએ જોઇએ તો રાજ્યની 50 % વસતિ શહેરી વિસ્તારમાં વસવાટ કરી રહી છે. દિન પ્રતિદિન શહેરીકરણ વધી રહ્યું છે.

<u>નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ તેમણે આ સ્થિતિ પારખીને તેમની દુરંદેશીતાના પરિણામે રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ-૨૦૦૯માં યોજના અમલમાં મુકી હતી.</u>

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના દિશાનિર્દેશ હેઠળ આ યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭ સુધી એટલે કે વધુ ત્રણ વર્ષ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે.

**મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે વર્ષ 2009 થી 2023 સુધીમાં કુલ રૂ. 57,256 કરોડ અને આ વર્ષના બજેટમાં કુલ રૂ.૮૬૩૪ કરોડ, આમ આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. 65,890 કરોડ રૂપિયાની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં શહેરી વિસ્તારમાં વસતા શહેરીજનોને તમામ પાયાની જરૂરિયાતો મળી રહી,તેમને આંતરમાળખાકીય સુવિધાઓ, પરિવહન સેવાઓ, જીવન જરૂરિયાતની વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ બને તે માટે રાજ્ય સરકારે આ યોજના દ્વારા વિકાસલક્ષી કાર્યો હાથ ધર્યા છે.

શહેરી વિસ્તારમાં પાણી પુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ/ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વગેરે), ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા આંતરીક રસ્તા, વોટર સપ્લાય પાઈપલાઈન, સ્ટ્રીટલાઈટ વગેરે જેવાં કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના તથા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે STPના કામો કરવામાં આવનાર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અત્યાર સુધીમાં આ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે મહાનગરપાલિકાઓમાં **રૂ.૧૮૬૯ કરોડ** અને નગરપાલિકાઓમાં **રૂ.૫૬૬ કરોડ**ની ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે.

નગરપાલિકાઓ માટે પાણી પુરવઠા યોજના અંતર્ગત **રૂ.૧૫૨૦ કરોડ**ના કુલ **૧૫૯** કામો મંજૂર કરેલ છે જેમાં **૧૫૬ કામો પૂર્ણ** થયેલ છે જ્યારે **03 કામો મહદઅંશે પૂર્ણ** થયેલ છે.

નગરપાલિકાઓ માટે ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત **રૂ.૫૬૩૬ કરોડ**ના કુલ **૧૭૮** કામો મંજૂર કરેલ જેમાં **૧૭૨ કામો પૂર્ણ** થયેલ છે જ્યારે **૦૬ કામો પ્રગતિ** હેઠળ છે.

## સ્વચ્છ ભારત મિશન -:૦.૨ (શહેરી)

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપણી ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે, **સ્વચ્છતા ત્યાં પ્રભુતા**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ 2014 માં સ્વચ્છ ભારત મિશન ની શરૂઆત કરી.**

**વર્ષ 2019 માં સમગ્ર ભારતને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કર્યો**

વડાપ્રધાનશ્રીએ સિંગલ યુઝ પ્લાસ્ટીકથી થતા નુકશાન વિશે જણાવ્યું અને વર્ષ ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા માટે આવાહન કર્યું છે.

ભારત સરકારશ્રીએ **સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦નો સમયગાળો ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી પાંચ વર્ષ માટે** નવા ઘટકો સસ્ટેનેબલ સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વેસ્ટ વોટર મેનેજમેન્ટ, આઈ.ઈ.સી, કેપેસીટી બિલ્ડીંગ સાથે લંબાવેલ છે.

આ યોજના અંતર્ગત સને ૨૦૨૪-૨૫ માટે **રૂ.૩૦૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે.

૧. સીટી સોલિડ વેસ્ટ એકશન પ્લાન **રૂ.૧૬૪૪ કરોડ** આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

૨. સીટી સેનીટેશન એકશન પ્લાન **રૂ.૨૯૭.૩૯ કરોડ** (વ્યક્તિગત શૌચાલય, સામુદાયિક શૌચાલય અને જાહેર શૌચાલય **રૂ.૧૪૧.૮૪ કરોડ** અને વપરાયેલ પાણીનું વ્યવસ્થાપન – **રૂ.૧૫૫.૫૫ કરોડ**)

૩. પ્રચાર,પ્રસાર અને પ્રશિક્ષણ **રૂ.૩૬૩.૩૩ કરોડ**

૪. કેપેસીટી બિલ્ડીંગ **રૂ.૧૮૨.૬૭ કરોડ**

**<u>સ્વચ્છ સર્વેક્ષણ -૨૦૨૩ પરિણામ:-</u>**

**સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં સુરત ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું અને ૭ સ્ટાર રેટિંગ લક્ષ્યાંક હાંસલ કર્યો.**

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાઓએ ૩ સ્ટાર રેટિંગ અને વાપી નગરપાલિકાએ ૧ સ્ટાર રેટિંગ લક્ષ્યાંક હાંસિલ કર્યો.

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં રાજ્ય કક્ષાએ ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં બાંટવા નગરપાલિકાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૭માં નિર્મળ ગુજરાત યોજના શરૂ કરી હતી.

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષે સ્વચ્છ ભારતના રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત થયેલ છે.

**<u>સ્વચ્છતાને દરેક ઘર, ગામ અને શહેરનો મૂળ મંત્ર બનાવી સંપૂર્ણ રાજયને સ્વચ્છ અને સુઘડ બનાવવાની અમારી સરકારની નેમ છે.</u>**

આ પ્રતિબદ્ધતાને વેગ આપવા **નિર્મળ ગુજરાત ૨.૦** અભિયાનની અમારી સરકારે જાહેરાત કરેલ છે.

આ અભિયાન અંતર્ગત ઘન અને પ્રવાહી કચરાને એકત્ર કરી પર્યાવરણીય દ્રષ્ટિએ યોગ્ય ધોરણે નિકાલ કરવા માટે વિવિધ યોજનાઓ થકી વ્યવસ્થા કરવામાં આવશે અને લોકસહકારથી તેનું અમલીકરણ કરવામાં આવશે.

રાજ્ય સરકાર આ કાર્યક્રમને જાળવી રાખીને નિર્મળ ગુજરાત-૨.૦ અંતર્ગત રાજ્યના તમામ ગ્રામ્ય/શહેરી વિસ્તારને સ્વચ્છ અને સુઘડ બનાવવા પ્રતિબદ્ધ છે. નિર્મળ ગુજરાત-૨.૦ માં ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થિત અને સઘન વ્યવસ્થાપન કરીને તેના નિકાલ દ્વારા સ્વચ્છતાના કાર્યક્રમના સેચ્યુરેશન તરફ રાજ્ય સરકાર આગળ વધી રહી છે. જેના માટે ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં નીચે મુજબનું આયોજન કરવામાં આવશે.

**<u>ઘન કચરા વ્યવસ્થાપન:-</u>**

- નગરપાલિકાને કેન્દ્રમાં રાખી સ્થાનિક જરૂરીયાત(Viability) મુજબ આસપાસના ગામોનું ક્લસ્ટર બનાવવામાં આવશે. આ ક્લસ્ટર કક્ષાએ ક્લસ્ટરના દરેક ગામના દરેક ઘરેથી (Door to Door) કચરો ક્લસ્ટર ના મુખ્ય ગામે પહોચાડી યોગ્ય રીતે છુટો પાડી Solid Waste Processing Unit ના દ્વારા પ્રોસેસીંગના થકી ઘન કચરાનાં નિકાલની યોગ્ય વ્યવસ્થા (Solid Waste Management) ગોઠવવામાં આવશે.

- ક્લસ્ટર લેવલ પર એકત્રિત કરવામાં આવેલ જૈવિક કચરા માટે કંમ્પોસ્ટપીટ અને અજૈવિક કચરાનો નિકાલ માટે રીસાયક્લીંગ તથા પુન: વપરાશ માટેની વ્યવસ્થા કરવામાં આવશે.
- ગામો/ગ્રામ પંચાયતોના ઉકરડાના નિકાલ માટે જરૂરીયાત મુજબ વ્યક્તિગત અથવા સામુહિક ગોબરધન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે.
- મહાનગરપાલિકા તથા નગરપાલિકાની નજીકના વિસ્તારના ગામોના ઘન કચરાનું એકત્રીકરણ સબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકા ડમ્પિંગ સાઈટ પર કરવા માટે વ્યવસ્થાપન ગોઠવવામાં આવશે.
- શહેરોના ઘન કચરાનું વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ, વ્યવસ્થાપન, નિકાલ માટે અને માળખાકીય સુવિધાઓની દરેક પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓ તળે એક MSW પ્લાન્ટ ઉભો કર્યા બાદ તેમાં ઘન કચરાનું પરિવહન કરવામાં આવશે.
- કચરા મુક્ત શહેર (GFC) સ્ટાર રેટિંગના લક્ષ્યને હાંસિલ કરવા રાજ્ય કક્ષાએથી નગરપાલિકાઓ માં ICT Management System ના ઉપયોગથી કામગીરીમાં ચોકસાઈ/ સરળતા અને ઝડપ થઇ શકે જે અંતર્ગત ગુજરાત રાજ્યની તમામ નગરપાલિકાઓ માટે એક MIS સીસ્ટમ તૈયાર કરવામાં આવશે.

**<u>પ્રવાહી કચરા વ્યવસ્થાપન :-</u>**

- **<u>૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન અંતર્ગત જરૂરીયાત મુજબ બ્લેક વોટર મેનેજમેન્ટ કરવામાં તેમજ ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામોમાં ગ્રે-વોટર મેનેજમેન્ટ કરવામાં આવશે.</u>**
- ૫૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતા બિન આદિજાતિ વિસ્તારોમાં ફળીયા આધારીત ગ્રે-વોટર ટ્રીટમેંટ અને આદિજાતિ વિસ્તારોમાં મુખ્યત્વે વ્યક્તિગત અને જૂથ આધારીત ગ્રે-વોટર ટ્રીટમેંટ કરવામાં આવશે. તથા ગામોમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે વ્યક્તિગત અને સામુહિક સોકપીટના નિર્માણ કરવાના રહેશે.
- શહેરી વિસ્તારમાં બનાવવામાં આવતા શૌચાલયોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સહાય ઉપરાંત સ્થાનિક સ્વરાજની સંસ્થાએ ભોગવવાનાં થતા ફાળાની રકમ નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત વધારાની સહાય તરીકે ફાળવામાં આવશે.
- રાજ્યની બાકી રહેલ તમા નગરપાલિકાઓમાં સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) બનાવવામાં આવશે.

## "MERA SHAHER SWACHH SAHER" એવોર્ડ :

- "મેરા શહેર સ્વચ્છ શહેરપ્રતીયોગીતા " દ્વારા શ્રેષ્ઠ શહેરને એવોર્ડ એનાયત કરવામાં આવશે. જે માટે અંદાજીત રૂ.૧૬૦૦ ૦૦.લાખની ફાળવણી કરવામાં આવશે.
- અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે સ્પર્ધાત્મક વાતાવરણ થકી સ્વચ્છતાને વધુ અસરકારક બનાવવા માટે જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ કલેક્ટર, મહાનગરપાલિકા કક્ષાએ શ્રેષ્ઠ કમિશ્નર, નગરપાલિકા કક્ષાએ શ્રેષ્ઠ ચીફ ઓફીસરને એવોર્ડ અને સર્ટીફીકેટ દ્વારા સન્માનિત કરવામાં આવશે તેમજ સફાઈ સાથે સીધી જ રીતે જોડાયેલ સફાઈ કર્મચારીને નાણાકીય પ્રોત્સાહન આપવામાં આવશે.

## સફાઈ વેરા પ્રોત્સાહન યોજના :

- નગરપાલિકા કક્ષાએ સફાઈ માટે પુરતી સુવિધા ઉભી કરી શકાય તેમજ સફાઈ કર્મચારીઓને સમયસર મહેનતાણું મળી રહે તે માટે નગરપાલિકાએ ઉઘરાવેલ સફાઈવેરા જેટલી મેચિંગ ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
- ઉપરાંત વસુલાતની ટકાવારીમાં વધારો થાય તે માટે પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવશે .

## Garbage Vulnerable Points (GVP)ના સદંતર નિકાલ માટે સ્પેશીયલ સહાય:

- Garbage Vulnerable Points નાં સદંતર નિકાલ કરવામાં આવે અને તેને નિભાવવામાં આવે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા સ્પેશીયલ સહાય આપવામાં આવશે .દરેક GVP પર કેમેરાનું ઈંસ્ટોલેશન અને તે જગ્યા પર બ્યુટીફીકેશન જેવું કે શિલ્પ, ગાર્ડન, ટ્રી પ્લાન્ટેશન વગેરે માટે તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને સહાય આપવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છ હવા, સ્વચ્છ ધરતી અને સ્વચ્છ પાણી દરેક ગુજરાતવાસીને મળેલ તે માટે કટિબદ્ધ છે. તે માટે સ્વચ્છતાના અભિયાનને વધુ આગળ ધપાવવા માટે **નિર્મળ ગુજરાત અને નિર્મળ ગુજરાત ૨.૦** માટે સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં **કુલ રૂ.૨૬૧ કરોડ**ની રાજય સહાય અમારી સરકારે જાહેર કરેલ છે.

**વર્ષ 2024-25 ના બજેટમાં નિર્મળ ગુજરાત અને નિર્મળ ગુજરાત 2.0 માટે રૂ. 261 કરોડ અને સ્વચ્છ ભારત મિશન (શહેરી) માટે રૂ. 305 કરોડ આમ બંને મળીને સ્વચ્છતા માટે કુલ રૂ. 566 કરોડની જોગવાઇ કરાઇ છે.**

# <u>મેટ્રો ટ્રેન -:</u>

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્યનું પરિવહન સેવાઓનું નેટવર્ક દિવસેને દિવસે સુદ્રઢ બન્યું છે.

ગામ થી ગામ ને જોડતા રસ્તા, ગામ થી તાલુકાને જોડતા રસ્તા, તાલુકા થી શહેરને જોડતા રસ્તાનું પથરાયેલું રાજ્યવ્યાપી નેટવર્ક આજે પરિવહન સેવાઓને સાનુકૂળ બનાવી રહ્યું છે.

એક જિલ્લાથી બીજા જીલ્લાની રોડ કનેક્ટીવીટી ઉપરાંત, રેલ સેવાઓ, દરિયાઇ માર્ગની પરિવહન સેવાઓ રાજ્યના નાગરિકોની સુખાકારીમાં વધારો કરવાની સાથે ઉદ્યોગને પણ વેગ આપી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

**વડાપ્રધાનશ્રીના દિશાર્નિદેશ હેઠળ ગુજરાતમાં મેટ્રો રેલ સેવા પણ કાર્યાન્વિત બની છે. આ માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ(MRTS) લોકોને ઝડપી,સલામત અને સરળ અવરજવરની સુવિધા આપી રહી છે. આર્થિક પ્રવૃતિઓ , સામાજીક સમાનતા અને લોકો માટે જીવનની ઉન્નત ગુણવત્તાને પ્રોત્સાહન આપી રહી છે.**

**અન્ડરગ્રાઉન્ડ, ઓવરગ્રાઉન્ડ પસાર થવાથી મેટ્રો રેલ ગીચ વિસ્તારોને શહેરના બાકીના ભાગો સાથે જોડે છે.**

<u>અમદાવાદ શહેરમાં મેટ્રો દરરોજ 70 હજાર થી વધુ મુસાફરોને મુસાફરી પુરી પાડી છે. લોકો હવે પબ્લીક ટ્રાન્સપોર્ટને પ્રાયોરીટી આપતા થયા છે.</u>

**પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓમાં વધારો કરીને ટ્રાફિક મેનેજમેન્ટની સાથે કાર્બન ઉત્સર્જન અને ગ્રીન હાઉસ ગેસીસ પર નિયંત્રણ મેળવવાના શુભ આશયથી મેટ્રો ટ્રેન, બી.આર.ટી.એસ, એસ.ટી. બસ , ઇલેક્ટ્રીક બસ , સ્થાનિક પબ્લીક ટ્રાન્સપોર્ટ સેવાઓનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે.**

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) લિમીટેડ અંતર્ગત **અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨** અને **સુરત મેટ્રો રેલ** પ્રોજેક્ટના નિર્માણ માટે કાર્યરત છે.

જ્યારે રાજકોટ તથા વડોદરા શહેરમાં પણ મેટ્રો રેલ પ્રોજેક્ટના અમલીકરણનું આયોજન છે.

***અમદાવાદ એરપોર્ટ થી મેટ્રો નેટવર્કને જોડવા અને ગિફ્ટ સીટી સુધી તેનું વિસ્તરણ કરવા આ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.***

## રિવરફ્રન્ટ

**માનનીય અધ્યક્ષશ્રી,**

સાબરમતી નદીના તટે વસેલા અમદાવાદની અલગ ઓળખ , વિશ્વ સ્તરીય પ્રસિધ્ધિ ઉભી કરવા રિવરફ્રન્ટનું યોગદાન ખુબ જ મહત્વનું રહ્યું છે.

માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરોગામી વિઝન અને માર્ગદર્શનથી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે.

સાબરમતી રિવરફ્રન્ટ એ દેશનો આ પ્રકારનો પ્રથમ તેમજ સૌથી લાંબો રીવરફ્રન્ટ છે.

**આજે રિવરફ્રન્ટ અમદાવાદ અને ગુજરાત માટે ફક્ત એક નવલું નઝરાણું નહીં પરંતુ કરોડો પર્યટકો માટે પ્રવાસન માટેની ફર્સ્ટ ચોઇસ બન્યું છે.**

**નદીના કિનારાની જગ્યા પર વોક-વે, બાગ-બગીચા, અંડરપાસ, ઇવેન્ટર સેન્ટર, અટલ બ્રિજ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ફુડ કોર્ટસ, ફ્લોટીંગ રેસ્ટોરન્ટ(રીવર ક્રુઝ), વોટર બેઝ્ડ એક્ટિવીટીઝ લોકોનું આકાર્ષણ નું કેન્દ્ર બનીને સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.**

**માનનીય અધ્યક્ષશ્રી**

**આમ તો ગુજરાત મા કાર્ડ, સિક્લ સેલ એનીમિયા, સખી મંડળો, નલ સે જલ જેવી પહેલ થી સમગ્ર દેશ માટે એક મોડલરૂપ બન્યું છે.**

**એવી જ રીતે ગુજરાતમાં ડેવલપ થયેલ રીવરફ્રન્ટ મોડલને અપનાવીને દેશના વિવિધ રાજ્યો કોટા-રાજસ્થાન, લખનૌ બાદ હાલમાં પુના, જમ્મુમાં પણ આ પ્રકારની યોજનાની કામગીરી ચાલુ છે.**

**ગુજરાતમાં પણ સુરત, રાજકોટ, જામનગર જેવા શહેરોમાં આ પ્રકારના ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરાઇ છે.**

અમદાવાદ રીવરફ્રન્ટ પ્રોજેકટના ફેઝ-૧માં ૧૧.૨ કિલોમીટરનું કામ પૂરું થયેલ છે, જ્યારે ફેઝ-૨માં ૫.૫ કિલોમીટરનું કામ પ્રગતિ હેઠળ છે.

ફેઝ-3માં ગિફ્ટ સિટી સામે ૫ કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ વિકસાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

સરકારે હવે રિવરફ્રન્ટને સળંગ અમદાવાદથી ગાંધીનગર સુધી લંબાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણયના ભાગરૂપે ફેઝ-૪ અને ફેઝ-૫ અંતર્ગત રિવરફ્રન્ટ અને સંલગ્ન વિસ્તારનો ઇન્દિરાબ્રિજથી ગાંધીનગર સુધી વિકાસ કરવામાં આવશે.

આમ, રિવરફ્રન્ટની કુલ લંબાઇ ૩૮.૨ કિલોમીટર થતાં તેની ગણતરી વિશ્વના સૌથી લાંબા અને રળિયામણા રિવરફ્રન્ટમાં થશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારની મેટ્રો રેલનું કામ સત્વરે પૂર્ણ કરવાની કટિબધ્ધતાને વેગ આપવાના હેતુથી જ સને ૨૦૨૪-૨૫ના બજેટમાં આ પ્રોજેક્ટને **રૂ.૧૯૭૫ કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

# <u>ગિફ્ટસિટી -:</u>

**માનનીય અધ્યક્ષશ્રી,**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરંદેશીતાના પરિણામે ગાંધીનગરમાં આકાર પામેલ ગિફ્ટ સીટી ભારતનું પ્રથમ અને એક માત્ર કાર્યરત એવું આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર(IFSC) છે કે જ્યાંથી **<u>ભારતની અને વિદેશની નામાંકિત બેંકો, ઇન્સ્યોરન્સ અને રિઇન્સ્યોરન્સ કંપનીઓ, બે આંતરરાષ્ટ્રીય એક્સચેન્જોની તેની સાથે મૂડી બજાર સાથે જોડાયેલ ઇન્ટર મીડિઅરીઝ ગિફ્ટ સીટી</u>** ખાતે કાર્યરત છે.

ગિફ્ટ સિટી ગ્લોબલ ફાયનાન્સ હબ તરીકે ઉભરી રહેલ છે. ૯૦૦ એકરથી ૩૩૦૦ એકરમાં વિસ્તરણ કરી ગિફ્ટ સિટીને પ્લાન્ડ ગ્રીન સિટી તરીકે વિકસાવવામાં આવશે. જેનાથી સમગ્ર વિશ્વમાં ગિફ્ટ સિટીની "સપનાનાં શહેર" તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત થશે.

ગિફ્ટ સિટીમાં સૂચિત વિકાસ કાર્યોને પરિપૂર્ણ કરીને "વોક ટુ વર્ક" "લિવ-વર્ક-પ્લે કમ્યુનિટી"ની કલ્પના સાકાર થશે. આ વિકાસ કાર્યોમાં ૪.૫ કિ.મી. લાંબો રિવરફ્રન્ટ, રીક્રીએશનલ ઝોન, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યલક્ષી સવલતો, મેટ્રો કનેક્ટિવિટી તથા સેન્ટ્રલ પાર્કની સુવિધાઓનો સમાવેશ થશે. સને ૨૦૨૪-૨૫ના બજેટમાં **રૂ.૫૨ કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

**મને જણાવતા આનંદ થાય છે કે, ગાંધીનગર ગિફટ સિટી નજીક સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની કામગીરી માટે સને ૨૦૨૪-૨૫ના બજેટમાં રૂ.૧૦૦ કરોડની જોગવાઈ નવી બાબત તરીકે કરવામાં આવી છે.**

## મહાનગરપાલિકાઓને નવા/હયાત કેટલ પોન્ડસ(ઢોરવાડા)ના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ:-

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં જોવા મળતા રખડતા ઢોરોના ત્રાસને નિવારવાની બાબતને ગંભીરતાથી લઇને 'શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગે માર્ગદર્શિકા-૨૦૨૩' પરિપત્રિત કરવામાં આવેલ છે.

જેના આધારે શહેરી સ્થાનિક સંસ્થાઓ (Urban Local Bodies) દ્વારા તૈયાર કરવામાં આવેલ પશુ-ત્રાસ અટકાવ નીતિના આધારે મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓ દ્વારા રખડતા ઢોરોને પકડવા, RFID ટેગિંગ કરવું, ઢોરવાડા જાળવવા, પકડેલ ઢોરોને પુરતો ખોરાક, પાણી તથા જરૂરીયાત મુજબ મેડીકલ સુવિધા પુરી પાડવી વગેરે જેવી કામગીરી કરવામાં આવે છે.

બિનવારસી અને પશુમાલિકો દ્વારા છોડાવવામાં ન આવતા ઢોરો તેમજ નાગરિકો દ્વારા બિમાર અને અશક્ત પશુઓની ફરિયાદ મળતા તેવા પશુઓને પણ કેટલ પોન્ડ્સ/ ઢોરવાડાઓમાં રાખવામાં આવે છે. શહેરી સ્થાનિક સંસ્થાઓની નાણાકીય ક્ષમતા તેમજ રાજ્ય સરકારની **રખડતા ઢોરોના ત્રાસને નિવારવાની કટિબધ્ધતા ધ્યાને લેતા શહેરી સ્થાનિક સંસ્થાઓને અદ્યતન સુવિધા જેવી કે, કમ્પાઉન્ડ વોલ, શેડ, પીવાના પાણી માટે વોટર ટેન્ક, સી.સી.ટી.વી. કેમેરા, યોગ્ય લાઇટિંગ, મેડિકલ ફેસિલિટી માટે અલાયદા રૂમ તથા ગર્ભવતી ગાય, વાછરડા /વાછરડી તેમજ બિમાર પ્રાણી માટે અલાયદી**

વ્યવસ્થા સાથેના નવા કેટલ પોન્ડ્સ/ ઢોરવાડાઓ ઉભા કરવા તથા હાલના કેટલ પોન્ડ્સ/ ઢોરવાડાઓની ક્ષમતા વિસ્તારવા નવું આંતરમાળખું ઉભું કરવા

અમદાવાદ તથા સુરતને આઠ-આઠ કરોડ,

વડોદરા અને રાજકોટને પાંચ-પાંચ કરોડ,

ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગરને અઢી-અઢી કરોડની સહાય

તથા તમામ નગરપાલિકાઓ માટે રૂપિયા અઢાર કરોડ, એમ થઇને શહેરી વિસ્તારો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં રૂ.૫૪.00 કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

## એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ, ૨૦૨૩ (ABC Rules) :-

**માનનીય અધ્યક્ષશ્રી,**

એનિમલ બર્થ કંટ્રોલ (ABC) પ્રોગ્રામના અમલીકરણથી રખડતા કૂતરાઓના ત્રાસને અંકુશમાં રાખવા મદદ મળે છે. ઉપરાંત ભારત સરકારના "National Action Plan for Dog Mediated Rabies Elimination from India by 2030" ને સિધ્ધ કરવા એટલે કે, વર્ષ ૨૦૩૦ સુધીમા કૂતરાઓ દ્વારા થતા હડકવાને નાબૂદ કરવાના લક્ષ્યાંકને સિધ્ધ કરવામા પણ સહાયતા મળશે.

મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓ ઉક્ત નાણાંકીય સહાયથી એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ માટે જરૂરી આંતરમાળખું ઉભું કરવા ઉપરાંત આવા એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ સતત ચાલતા રહે તે માટે,

**કુતરા રાખવા માટેના પાંજરા, ખસીકરણ (sterilization) માટે ઓપરેશન થિયેટર તૈયાર કરવા, ઓપરેશન બાદ કૂતરાઓની કાળજી રાખવી, જરૂરી દવાઓ તેમજ અન્ય ખોરાક ઉપલબ્ધ કરાવવું, ક્વોરન્ટીન વોર્ડ તૈયાર કરવા, કુતરા પકડવાની ગાડી વસાવવી, વગેરે જેવી સવલતો ઉભી કરી શકશે.**

આ કામગીરીને વેગ મળે તેમજ રખડતા કૂતરાઓની વસ્તી નિયંત્રણમાં રહે તે માટે રાજ્ય સરકારે પણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ABC Rulesના અસરકારક અમલીકરણ માટે મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓને **રૂ.૨૦ કરોડ**ની સહાય કરવાનો નિર્ણય લીધેલ છે.

---

# સામાન્ય વહીવટ વિભાગ

**માનનીય અધ્યક્ષશ્રી,**

**વર્ષ 2024-25 અંદાજપત્રની સામાન્ય વહીવટ વિભાગ માટે માંગણી ક્રમાંક 30,31 અને 33 ના મહેસૂલી અને મૂડી ના કુલ ખર્ચ રૂ. 700.82 કરોડની માંગણીઓ ગૃહ સમક્ષ રજુ કરતા મને આનંદ થાય છે.**

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના વિકાસ મોડલના પાયામાં સુશાસન રહેલું છે.

વહીવટમાં પારદર્શિતા, ઝડપ અને સરળીકરણ લાવવા સામાન્ય વહીવટ વિભાગ અહમ ભૂમિકા ભજવે છે. કર્મયોગીઓને તાલીમબધ્ધ કરી લોકાભિમુખ વહીવટ માટે તૈયાર કરવા અને પ્રોએક્ટિવ સરકારાની વિભાવનાને સાકાર કરવી એ જ આ વિભાગનો ધ્યેય છે.

ગુડ ગવર્નન્સ, ઇ-ગવર્નન્સ અને હવે એમ-ગવર્નન્સ ના ધ્યેયને સિધ્ધ કરવાની દિશામાં ગુજરાત સરકારે ડગ માંડ્યા છે.

નાગરિકલક્ષી સેવાઓ ઓનલાઇન અને આંગળીના ટેરવે ઉપલબ્ધ બને તે માટે ઘણી સરકારી સેવાઓને ઓનલાઇન ઉપલબ્ધ કરી છે.

ઇ-ગવર્નન્સના ઉપયોગથી પ્રશાસનમાં ટોચથી લઇને પાયાના સ્તર સુધી પારદર્શિતા લાવવા અને સરળીકરણ કરવા રાજ્ય સરકાર હંમેશાથી કાર્યરત છે.

રાજ્યની વહીવટી કાર્યપધ્ધતિમાં ઇ-ગવર્નન્સના ભાગરૂપે વહીવટી વિભાગોથી શરૂ કરીને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી વ્યાપ ધરાવતી ઇ-સરકાર એપ શરૂ કરાઇ છે.

ઇ-ગવર્નન્સના ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ ઉપલબ્ધ તકોના મહત્તમ ઉપયોગ દ્વારા રાજ્ય વહીવટને આધુનિક સ્વરૂપલ આપવા અને કર્મયોગીઓની ક્ષમતાને સુદ્રઢ કરવા માટે આઇ.ટી. એનેબલ્ડ H.R. નું આયોજન કરાયું છે.

## માનવ સંશાધન વ્યવસ્થાપન પદ્ધતિ

## (Human Resource Management System-HRMS) યોજના

**HRMS Project:-**

ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીશ્રીઓની સેવાપોથી અને સેવાકીય/વહીવટી બાબતો જેમ કે રજા, રજા પ્રવાસ રાહત, વાર્ષિક મિલકત પત્રક, વાર્ષિક કામગીરી મુલ્યાંકન અહેવાલ વિગેરેને ઓનલાઈન એપ્લિકેશનના માધ્યમથી પૂરી પાડવા માટે સરકાર દ્વારા જુલાઈ-૨૦૧૫ થી **સાથી એપ્લિકેશન** કાર્યરત કરાઇ છે.

**HRMS 2.0 Project:-**

પ્રથમ HRMS Projectની ટેક્નિકલ મર્યાદાઓ અને યોજનાનો વ્યાપ વધારવા માટેના નાણાકીય બોજો ઓછો કરવા માટે તારીખ ૨૫ ડિસેમ્બર,૨૦૨૩ રાષ્ટ્રીય સુશાસન દિન નિમિતે ગુજરાત રાજ્યમાં ઈ-સુશાસનના ભાગરૂપે માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ માટેના કર્મયોગી એપ્લિકેશનનું અનાવરણ કરવામાં આવેલ છે. એપ્લિકેશનનું અમલીકરણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

વધુમાં, મુખ્યમંત્રી કાર્યાલયમાં અમલી C.M.Dashboard ને SATHI Application સાથે સાંકળવામાં આવેલ છે.

જેમાં રાજ્યના તમામ આઈ.એ.એસ/આઈ.પી.એસ/આઈ.એફ.એસ/ આઈ.આર.એસ/ સચિવાલય સંવર્ગના તમામ વર્ગ- ૧ થી ૪ના અધિકારી અને કર્મચારી તથા તમામ અધિક કલેક્ટરશ્રીઓ, નાયબ કલેક્ટરશ્રીઓ, મામલતદાર, નર્મદા જળસંપત્તિ વિભાગ હેઠળની ટેક્નિકલ કેડર(વર્ગ-૧ અને ૨)નો સમાવેશ કરી ઉક્ત તમામ અધિકારી/કર્મચારીઓના બેઝિક પ્રોફાઇલ/ સર્વિસ પ્રોફાઇલ જેવી કે પોસ્ટિંગ હિસ્ટ્રી/ વધારાનો હવાલો સોંપેલની વિગતો/ રજા મંજૂરીની વિગતો તથા તેમના વાર્ષિક મિલકત પત્રક ભર્યા અંગેની વિગતો દર માસે ઉપલબ્ધ કરવામાં આવે છે.

આ સેવા-સુવિધાને વધુ સુદ્રઢ બનાવવા માટે આ વર્ષના બજેટમાં રૂ.12.43 કરોડ ની નાણાંકીય જોગવાઇ કરાઇ છે.

## <u>બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ-પ્રતિષ્ઠાન</u>

**સદાકાળ ગુજરાત:-**

દેશના અન્ય રાજ્યોના જે શહેરોમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હોય ત્યાં બિન-નિવાસી ગુજરાતીઓની યુવા પેઢીને ગુજરાતની સંસ્કૃતિથી માહિતગાર કરવા, બિન-નિવાસી ગુજરાતીઓને પોતાના મૂળ સાથે જોડાયેલા રાખવા તથા સરકારની/પ્રતિષ્ઠાનની પ્રવૃતિઓનો પ્રચાર-પ્રસાર કરવા, ગુજરાતી યુવા ધનનો ડેટાબેઝ તૈયાર કરવા વિગેરે જેવા હેતુઓ સાથે **<u>સદાકાળ ગુજરાત કાર્યક્રમ</u>** યોજવામાં આવે છે.

ભારતના જે શહેરોમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હોય ત્યાં સદાકાળ ગુજરાત કાર્યક્રમ દ્વારા બિન-નિવાસી ગુજરાતીઓ સાથે જોડાણ કરવા હેતુ સદાકાળ ગુજરાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પ્રથમ સદાકાળ ગુજરાત કાર્યક્રમ મુંબઈ ખાતે વર્ષ ૨૦૧૨માં અને બીજો સદાકાળ ગુજરાત કાર્યક્રમ જયપુર ખાતે ૨૦૧૫માં યોજાયેલ. જુલાઈ-૨૦૧૬ દરમ્યાન કોઇમ્બતુર ખાતે, ડિસેમ્બર-૨૦૧૬ દરમ્યાન વારાણસી ખાતે, સપ્ટેમ્બર-૨૦૧૭ દરમ્યાન કલકત્તા ખાતે અને એપ્રિલ-૨૦૧૮ દરમિયાન રાયપુર (છત્તીસગઢ) અને નવેમ્બર-૨૦૨૧માં ગોવા અને ડિસેમ્બર-૨૦૨૧માં આસામ (ગૌહાતી) અને માર્ચ-૨૦૨૩માં બેંગ્લોર(કર્ણાટક) ખાતે સદાકાળ ગુજરાત કાર્યક્રમ અન્ય રાજયોના સંબંધિત શહેરના ગુજરાતી સમાજોના સહયોગમાં અને તેમની મારફતે યોજવામાં આવેલ છે.

**આગામી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ રાજ્ય ખાતે સદાકાળ ગુજરાત યોજાનાર છે.**

## <u>ઓપરેશન કાવેરી</u>

- સુદાનમાં અર્ધ લશ્કરી દળો અને સૈન્ય વચ્ચે ચાલી રહેલ આંતરિક યુદ્ધના લીધે સમ્રગ વિશ્વમાંથી ત્યાં વસેલ લોકો ફસાઈ ગયા હતા. જેમાં સુદાનમાં ફસાયેલ ભારતીય નાગરીકોને સ્વદેશ પરત લાવવા માટે ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા ઓપરેશન “કાવેરી” હાથ ધરવામાં આવ્યું હતુ. ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ સુદાનમાં ગુજરાતના ફસાયેલા લોકોને પરત વતનમાં લાવવા ગુજરાત સરકારના એન.આર.આઈ પ્રભાગ,

સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન અને ગુજરાતના નિવાસી આયુક્તશ્રી, દિલ્હી દ્વારા કામગીરી કરવામાં આવેલ.

- **ઓપરેશન કાવેરી અંતર્ગત 569 ગુજરાતીઓને ગુજરાત પરત લાવવામાં આવ્યા.**

## ઓપરેશન અજય

- ઇઝરાઈલ અને પેલેસ્ટાઈન યુદ્ધના લીધે સમ્રગ વિશ્વમાંથી ત્યાં વસેલ લોકો ફસાઈ ગયા હતા. જેમાં ઇઝરાઈલમાં ફસાયેલ ભારતીય નાગરીકોને સ્વદેશ પરત લાવવા માટે ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા ઓપરેશન “અજય” હાથ ધરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઇઝરાઈલમાં ફસાયેલા ગુજરાતીઓને વતન પરત લાવવા ગુજરાત સરકારના એન.આર.આઈ પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન અને ગુજરાતના નિવાસી આયુક્તશ્રી, દિલ્હી દ્વારા કામગીરી કરવામાં આવેલ.

- **ઓપરેશન અજય અંતર્ગત 30 ગુજરાતીઓને ગુજરાત પરત લાવવામાં આવ્યા.**

## આકાંક્ષી તાલુકા કાર્યક્રમ

માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૭મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મુખ્ય સચિવશ્રીઓની મળેલ બીજી રાષ્ટ્રીય પરિષદમાં Aspirational Districts Programme(ADP)માં મળેલ સારા પરિણામોને આધારે આ પ્રોગ્રામને તાલુકા કક્ષા સુધી લઇ જવા માટે Aspirational Blocks Programme(ABP) શરૂ કરવામાં આવેલ છે.

જેમાં સમગ્ર દેશમાંથી ૫૦૦ તાલુકાઓ પસંદ કરવામાં આવ્યા.જે પૈકી ગુજરાત રાજ્યના જુદી જુદી ભૌગોલિક પરિસ્થિતી ધરાવતા ૧૦ જિલ્લાઓના કુકરમુંડા, નિઝર, લખપત, રાપર, કવાંટ, નસવાડી, થરાદ, સાયલા, સુબીર, ઘોઘંબા, સાંતલપુર, નાંદોદ અને ગરબાડા એમ કુલ ૧૩ તાલુકાઓ પસંદ કરાયા છે.

આ કાર્યક્રમ અંતર્ગત **આરોગ્ય અને પોષણ, શિક્ષણ,કૃષિ અને સંલગ્ન સેવાઓ , માળખાકીય સુવિધા, સામાજીક વિકાસ જેવા સેક્ટરની** પ્રગતિનું મોનીટરીંગ કરવામાં આવનાર છે .જેના માટે આ વર્ષના બજેટમાં રૂ. 5 કરોડની જોગવાઇ કરાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આમ આ ત્રણેય વિભાગની અંદાજપત્રીય માંગણીઓ ગુજરાતના પ્રત્યેક નાગરિકની સુખાકારીમાં વધારો કરનારી છે.

વડાપ્રધાનશ્રીના વિકસીત ભારત – 2047ના સંકલ્પમાં ગુજરાતનું યોગદાન મહત્વનું બની રહે તે માટેનું સુદ્રઢ આયોજન દર્શાવતી અંદાજપત્રીય આ તમામ જોગવાઇઓને સર્વાનુમતે પસાર કરવા ગૃહના દરેક સભ્યને વિનંતી કરૂ છું.

**વિકસીત ભારત સંકલ્પ પૂર્ણ કરવા આવો આપણે સૌ સંકલ્પબધ્ધ બનીએ**

..........................................